

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર શૈક્ષણિક નગરી તરીકે આગવી ઓળખ ધરાવે છે. મોડાસા શહેરમાં શિક્ષણનો પાયો સ્થાપનાર મોડાસા શહેરના ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળની સ્થાપના ૬૦ વર્ષ અગાઉ થઈ હતી અને શહેરમાં ૧૪થી વધુ કોલેજો ધરાવતા આ મંડળના ૬૦માં વર્ષને પૂર્ણ થતા આનંદોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ આનંદોત્સવમાં એમ્બેસેડર ઈન્ડિયા પાર્લામેન્ટ ઓફ વર્લ્ડ રીલીજીયન ડોકટર જયેશ શાહ અને દાનવીર તરીકે સમગ્ર જિલ્લામાં જાણીતા અમદાવાદના મહાસુખભાઈ પટેલ અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આનંદોત્સવની ઉજવણીના મંગલદિને શૈક્ષણિક સંકુલનું મુખપત્ર માઝૂમનુ વિમોચન મહાસુખભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યુ હતુ.

# રાજેન્દ્રનગરથી સંચેરી માર્ગની જગ્યા બદલવાની વિચારણા સામે વિરોધ

મોડાસા, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજેન્દ્રનગરથી સંચેરીની રૂ. ૯૨૫૫૦૦૦ના ખર્ચે મંજુર થયેલ આ રોડ મૂળ જગ્યાએ નહિ શરૂ કરાતાં અન્યત્ર શરૂ કરવા તજવીજ થતા સ્થાનિકોએ પોતાનો વિરોધ નોંધાવી આ રસ્તો મૂળ મંજુર થયેલ જગ્યાએ જ શરૂ કરવામાં નહિ આવે ત્યાં સુધી ભૂખ હડતાળ કરાશે. તેવી રજુઆત જિલ્લા કલેક્ટર સમક્ષ કરી છે. ગ્રામજનોની ખૂબ વર્ષો જૂની રસ્તા અંગે પૂર્વ સરપંચે જે તે સમયે વિસ્તારના ધારાસભ્ય સમક્ષ રજૂઆત કરી હતી અને જેના ફળસ્વરૂપે રાજેન્દ્રનગર સંચેરીનો રોડ માર્ગ અને મકાન પંચાયત વિભાગે રૂ. ૯૨૫૫૦૦૦ના ખર્ચે મંજૂર કર્યો હતો.

દરમિયાન ગઈ તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ આ રોડનું કામ અન્યત્ર શરૂ કરવા તજવીજ થતા પૂર્વ સરપંચ સહિત સ્થાનિકોએ રોડનું કામ અટકાવ્યું હતું અને જ્યાં મંજૂર થયેલ છે અને મંજૂર કરતા પહેલા જેનું સર્વે થયું હતું ત્યાં રાજેન્દ્રનગરથી સંચેરી સુધીનો માર્ગ કરવાનો હતો ત્યાં જ થવો જોઈએ તેવી ઉગ્ર માંગ કરી હતી.

આમ છતાં મૂળ રાજેન્દ્રનગરથી સંચેરીના ૩ કિમીના રોડ ઉપર કામ શરૂ કરવાને બદલે ફરી ૨૬મીને રવિવારે પાછુ અન્યત્ર સ્થળે તેનું કામ શરૂ કરવા હિલચાલ થતી હોઈ સ્થાનિકોએ સાબરકાંઠા જિલ્લા કલેક્ટર સમક્ષ રજુઆત કરીને દરમિયાનગીરી કરવા વિનંતી કરી છે.


તેમાં સ્થાનિકોએ જણાવ્યું છે કે આ રોડનું કામ મૂળ જગ્યાએ શરૂ કરવાને બદલે બીજે સ્થળે શરૂ કરાશે તો અમે ગાંધી ચિંધ્યા માર્ગે ભુખ હડતાલ કરીશુ તેમ જણાવી ગ્રામજનોની વાજબી અને ન્યાયી બાબતમાં સાથે રહીને સહયોગ આપવા સુલેહશાંતિ જળવાય તેમાં જિલ્લા કલેક્ટર અને વહીવટીતંત્રને લોકોએ લેખિત વિનંતી કરી છે.

# આ પણ વાંચીએ...

## ● અંતરીક્ષમાં ઉગાડાઈ કોબીજ

બજારમાં વિવિધ પ્રકારની શાકભાજી મળી રહે છે પરંતુ જો કોઈ દુકાનદાર એમ કહે કે આ શાકભાજીને અંતરીક્ષમાં ઉગાડવામાં આવી છે તો ઘણાં તેને તાજા પ્હોરના ગપ્પાં કહેશે પરંતુ અંતરીક્ષમાં કોબીજ જેવી શાકભાજી ઉગાડવાનો સફળ પ્રયોગ કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય અંતરીક્ષ કેન્દ્રમાં ચાઈનીઝ કોબીજ ઉગાડવામાં વૈજ્ઞાનિકોને સફળતા મળી છે. આગામી દિવસોમાં અહીં મૂળા સહિતની અન્ય શાકભાજી ઉગાડવાનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે.

## ● મીઠાઈ વેચવાવાળો બન્યો રાતોરાત કરોડપતિ



હરિયાણાના હિસારના દૈપ્યક ગામમાં રહેતો અને મીઠાઈ બનાવી પોતાનું ગુજરાન ચલાવતો આઝાદસિંહ તેના નસીબ પર વિશ્વાસ કરી શકતો નથી. ૨૮ વર્ષિય આઝાદસિંહ રાતોરાત કરોડપતિ બની ગયો છે. તેને પંજાબ સ્ટેટ લોટરીનું બમ્પર ઈનામ લાગ્યું છે. જેમાં તેને અધધ દોઢ કરોડ રૂપિયા મળશે.

## ● બે ભાગમાં છે અર્ધ નારીશ્વર શિવલીંગ


શિમલાના કાંગડા જિલ્લામાં એક અનોખુ શિવાલય છે. અહીં ભગવાન શિવ કાઢગઢ મહાદેવના નામે પૂજાય છે. અહીં શિવલીંગ બે ભાગમાં વહેંચાયેલુ છે. અર્ધનારીસ્વર સ્વરૂપના આશ્ચર્યની



વાત તો એ છે કે આ શિવલીંગ વચ્ચેનું અંતર શિવરાત્રીએ ઓછુ થઈ જાય છે. શિવરાત્રીએ અહીં ભાવિકોની બારે ભીડ જામે છે.

## ● નાસાએ પૃથ્વી જેવા બીજા સાત ગ્રહો શોધ્યા

નાસાએ પૃથ્વીના આકાર જેવા સાત ગ્રહો શોધ્યા છે. પૃથ્વીથી ૩૯




પ્રકાશવર્ષ જેટલા દૂર સ્થિત આ ગ્રહો પર પાણી હોઈ શકે છે. વૈજ્ઞાનિકો કહી રહ્યા છે કે આ ગ્રહોમાં એલીયન જેવા જીવનની સંભાવના છે. નાસાના સ્પિપ્જર સ્પેસ ટેલીસ્કોપે આ ગ્રહો શોધ્યા છે.

# ધાનેરા ખાતે કેન્દ્ર સરકારના વિરોધમાં જનવેદના કાર્યક્રમ યોજાયો

## જેટલા જવાનો વિશ્વ યુદ્ધમાં શહિદ નથી થયા તેટલા જવાનો મોદીના રાજમાં શહિદ થયા છે : લક્ષ્મીબેન કરેણ

ધાનેરા ખાતે કોંગ્રેસ ધ્વરા કેન્દ્ર ની ભાજપ સરકાર ના કાર્ય વિરોધ માં જનવેદના સંમેલન કાર્યકર્મ યોજાયો હતો જેમાં કોંગ્રેસ ના અગ્રણીઓ ધ્વરા ભાજપ સરકાર પર આકરા પ્રહાર કાર્ય હતા તો બીજી તરફ સ્ટેજ ઉપર વદરપ્રધાન ના બેનર વાળી ખાલી ખુરસી લોકોમાં ચર્ચાનો વિષય બની હતી




ધાનેરા વિધુત બોર્ડ ની બાજુમાં આવેલા ખુલ્લા મેદાન માં આજે કોંગ્રેસ ધ્વરા કેન્દ્ર સરકાર ના અન્યાય સામે લડત લાડવા માટે જન વેદના સંમેલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોંગ્રેસ ના અગ્રણીઓ સહીત મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા હતા ત્યારે બનાસકાંઠા જિલ્લા પંચાયત ના સદસ્ય લક્ષ્મીબેન કરેને ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે જયારે વિશ્વ યુદ્ધ થયા ત્યારે પણ જેટલા સૈનિકો નતા મરાયા એટલા સૈનિકો મોદી ના રાજ માં મરાયા છે અને જે પક્ષ નો નેતા આશારામ નો ચેલો હોય તેનું સૈન્ય કેવું હોય

સ્ટેજ ઉપર એક ખાલી ખુરસી મુકવામાં આવી હતી અને જેના ઉપર વડાપ્રધાન નું લેબલ લગાવવા આવ્યું હતું જે જોઈ લોકોના અનેક ચર્ચાઓ જોવા મળી હતી આ જાહેર સભામાં એ આઈ સીસી ના કેન્દ્ર ના જનવેદના સંમેલનના પ્રભારી ખુશવીરસિંહ ધાનેરા ધારાસભ્ય સહીત નથાભાઈ પટેલ મેહ્ન્દભાઈ પટેલ બળવંતજી રાવ જયેશભાઈ સોલંકી ઈશ્વરભાઈ પટેલ હરચંદભારી રબારી વિનુભા સોલંકી સહીત મોટી સંખ્યા લોકો હાજર રહ્યા હતા

# મેઘરજના પંચાલ ગામે મારામારી થતાં સામ-સામે પોલીસ ફરિયાદ

## ઈસરી પોલીસે ૮ આરોપીઓ સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી

મેઘરજ, તા. ૨૫

મેઘરજ તાલુકાના પંચાલ ગામે શુક્રવારના રોજ સાંજે ૭ વાગ્યાના અરસામાં નજીવી બાબતે ઝઘડો થતાં મારામારી અને લાકડીઓ ઝિંકાતા સામ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

જેમાં કાન્તિ મણા ભગોરાએ ઈસરી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે પોતાનું બાઈક લઈ દૂધ ભરવા જતા હતા ત્યારે ગામના જ મણી કાના ભગોરાએ પોતાના ઘર આગળ થઈ ન નીકળવાનું કહી મા બેન સામે નઠારી ગાળો બોલી ગડદા પાટુનો માર મારી મણી કાંના ભગોરાએ કાન્તિ મણાના કાકા સુરેશ લાલુ ભગોરાને માથાના તેમજ જમણા હાથે અને જમણા પગે લાકડી ઝીંકી લોહિ લુહાણ થતાં ૧૦૮ દ્વારા સારવાર અર્થે ખસેડ્યા હતા. આ બાબતે કાન્તિ મણા ભગોરાએ ઈસરી પોલીસ મથકે ૪ ઈસમો મણી કાંના ભગોરા, જીતુ મણી ભગોરા, મીરાબેન મણીલાલ ભગોરા, બચુ કાંના ભગોરા તમામ રહે. પંચાલ સામે મારામારી તેમજ જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવી હતી. જ્યારે મીરાબેન મણીલાલ ભગોરાએ પણ મારામારીની ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતુ કે અમારે અગાઉ સામ સામે થયેલ ફરિયાદની અદાવત રાખી કાન્તિ મણા ભગોરા તથા હંસાબેન ભગોરા મારા ઘર આગળ આવી બિભત્સ અને નઠારી ગાળો બોલી અમારા બાવળના લાકડા તમો કેમ લાવો છો જેવું કહી સુરેશ લાલુએ મીરાબેનને માથાના ભાગે લાકડી મારી હતી તેમજ તેમની દિકરીને પણ ડાબા પગે લાકડી મારી હતી જેથી મીરાબેનને અને તેમની દિકરીને સારવાર અર્થે ખસેડ્યા હતા. આ ઝઘડા બાબતે મીરાબેને ૪ ઈસમો રમેશ મણી ભગોરા, સુરેશ લાલુ ભગોરા, કાન્તિ મણી ભગોરા, હંસા રમેશ ભગોરા તમામ રહે. પંચાલ સામે મારામારી તેમજ જાનથી મારી નાખવાની બંને પક્ષોએ ફરિયાદ નોંધાવતા ઈસરી પોલીસે બન્ને પક્ષો સામે ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ રી છે.



**પાલનપુરના પાતાળેશ્વર મહાદેવમાં શિવરાત્રી મધ્યરાત્રીએ પૂજા**

પાલનપુરના નગરદેવતા પાતાળેસ્વરમાં શિવરાત્રીએ દિવસ દરમિયાન પૂજા બાદ મધ્યરાત્રીએ દેવાધિદેવ મહાદેવને અભિષેક, મંત્રોચ્ચાર અને શિવ પ્રિય પૂજા સામગ્રીનો અભિષેક કરતા પાલનપુર હિન્દૂ સમાજના અગ્રણી ડોક્ટર ઉમાકાન્ત પંડ્યા, પ્રમુખ એડવોકેટ શંભુભાઈ ઠાકોર સહીત વિદ્વાન બ્રાહ્મણો શિવ ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા તેમજ રાત્રે મહાઆરતી કરી અને પ્રસાદ આપવામાં આવ્યો હતો.

# દહેગામ તાલુકા નિવૃત કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

દહેગામ તાલુકા નિવૃત કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં રાજય નિ.ક.મં.ના પ્રમુખ મણીભાઈ સુથારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આમંત્રિત મહેમાનોના હસ્તે દિપ-પ્રાગટય બાદ સભાનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ સભાના પ્રમુખ તરીકે મણીભાઈ સુથારની વરણી કરવામાં આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગત સભાના હિસાબો વાંચી સંભાળવામાં આવ્યા હતા. ઉપસ્થિત કાર્યક્રમમાં હાજર મહાનુભાવો દ્વારા પેન્શનરોને પડતી મુશ્કેલી બાબતે પોતનાનું વકતવ્ય આપ્યુંહતું. મણીભાઈ સુથાર દ્વારા ૬૫ વર્ષના સિનિયર સિટીઝન ભાઈ બહેનોનું પાકીટ ફુલછડી આપી સન્માન કરવામાં આવ્યું હતું. દહેગામ તાલુકા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ રસિકભાઈ અમીન દ્વારા વર્ષ ૨૦૧૭-૨૦૧૯ના વર્ષ માટે નવીન હોદ્દેદારોની જાહેરાત કરી હતી. જેમાં પ્રમુખ તરીકે રસિકભાઈ અમીન તથા મહામંત્રી તરીકે કે.સી.પટેલના નામની જાહેરાત કરવામાં આવી હતી.

# પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષકો દ્વારા ધારાસભ્યને આવેદનપત્ર અપાયું

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષકો દ્વારા પ્રાંતિજ- તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને પગાર ધોરણની માંગણીઓને લઈને આવેદનપત્ર આપ્યુ હતુ.



પ્રાંતિજ સહિત ગુજરાતમાં ૧૯૯૭-૧૯૯૮થી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ફિકસ પગારમાં શિક્ષકોની વિદ્યાસહાયક તરીકે ભરતી કરવામાં આવી હતી અને વિદ્યાસહાયકોને ૨૫૦૦, ૪૫૦૦, ૭૮૦૦, ૯૩૦૦, અને ૧૦,૦૦૦ સુધીનાં પગાર ચુકવવામાં આવ્યો હતો અને પાંચ વર્ષની નોકરીને સિનિયોરીટી બઢતી કે ઉચ્ચત્તર પગાર ધોરણમાં લેવામાં નહી આવતાં ૨૦૦૬ પહેલાં ભરતી થયેલા વિદ્યાસહાયકો શિક્ષકોને અન્યાય થતાં તેવાં શિક્ષકોને પણ સિનિયોરીટી પ્રમાણે ગણવામાં આવે તે માટે પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અરવિંદભાઈ પટેલ મહામંત્રી કલ્પેશભાઈ પટેલ સહિત પ્રાંતિજ તાલુકામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના ઘરે જઈ ન્યાયની માંગણી સાથે આવેદનપત્ર આપ્યું હતું. તાલુકાના પ્રતિનીધી તરીકે ઉચ્ચસ્તરે ઉપર સુધી રજુઆત કરવાની માંગ કરી હતી.

# રાજકોટમાં હથિયારો સાથે ચાર શાર્પ શૂટરોની ધરપકડ

## જામનગરના શીપીંગ અને બિલ્ડીંગના કારોબારીની હત્યા કરવા માટે આવ્યા હોવાની શૂટરોની કબુલાત : દાઉદના ભાઈએ જ ૧૦ લાખની સોપારી આપી

અમદાવાદ, તા. ૨૫

રાજકોટમાં ચોક્કસ બાતમીના આધારે દિલધડક ઓપરેશન પાર પાડીને પોલીસે ચાર શાર્પ શૂટરોને હથિયારો સાથે પકડી પાડીને મોટી સફળતા મેળવી લીધી છે. જામનગરના શીપીંગ અને બિલ્ડીંગના વ્યવસાય સાથે સંકળાયેલા કારોબારીને મારવા માટે આવ્યા હોવાની કબુલાત ઝડપાયેલા શખ્સો દ્વારા કરવામાં આવી છે. અન્ય કેટલીક નવી વિગત મળે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે શિરડીથી રાજકોટ તરફ આવતી નીતા ટ્રાવેલ્સની વોલ્વો બસનો બાતમી મળ્યા બાદ પીછો કરવામાં આવ્યો હતો. નવાગામ પાસે ચારેબાજુથી ઘેરી લઈને બસમાં તપાસ કરવામાં આવતા આ ચારેય પરપ્રાંતિયોને પકડી લેવામાં આવ્યા હતા. મળેલી માહિતી મુજબ અંડરવર્લ્ડ ડોન દાઉદના ભાઈ અનિસ ઈબ્રાહીમે મહારાષ્ટ્રના રામદાસ રાણેને ૧૦ લાખ રૂપિયા સોપારી પેટે આપ્યા હતા. ઝડપાયેલા તમામ શખ્સોની ઓળખ કરી લેવામાં આવી છે. પોલીસે સફળતાપૂર્વક આ ઓપરેશન પાર પાડ્યું હતું. શિરડીથી રાજકોટ તરફ આવતી બસને નવાગામ નજીક આંતરીને મુસાફરોની સાથે બેઠેલા ચાર શૂટરોને ઝડપી પાડવામાં આવ્યા બાદ તેમની પાસેથી એક પિસ્તોલ અને છ રાઉન્ડ કારતૂસ મળી આવ્યા હતા. ડી ગેંગની સંડોવણી સમગ્ર મામલામાં સપાટી પર આવતા ખળભળાટ મચી ગયો છે. રાજકોટ પોલીસ દ્વારા તાજેતરમાં જ મળેલા બોમ્બની પાછળના ભાંગફોડીયાઓને શોધી કાઢવા તપાસ કરવામાં આવી રહી હતી. ૧૧ દિવસનો ગાળો આ બનાવને થયો હોવા છતાં કોઈ સફળતા ન મળતા નિરાશા વચ્ચે આજે આ સફળતા હાથ લાગી હતી. ગ્રીનલેન્ડ ચોકડી પાસે પહેલાથી જ પોલીસ ટુકડી તૈનાત થઈ ગઈ હતી. બસ પહોંચતાની સાથે જ તપાસ કરવામાં આવી હતી. શખ્સો પાસેથી બે મોટી છરી, એક નંબર પ્લેટ સાથે તેમને પકડી પડાયા હતા. ઝડપાયેલા શખ્સોની પૂછપરછ શરૂ થઈ ચુકી છે. ૧૦ લાખ રૂપિયા લઈને વેપારીની હત્યા કરવાનું કાવતરું ઘડી કાઢવામાં આવ્યું હતું. ચારેય આરોપીઓને કુવાડવા પોલીસ પાસેથી રાજકોટ ક્રાઈમ બ્રાંચ કબજો લઈ લીધો છે. જામનગરના વેપારી અશફાક ખતરીને પણ પૂછપરછ માટે રાજકોટ લાવવામાં આવી રહ્યા છે.

ચારેય શાર્ટ શૂટરોમાં સોપારી કિલર રામદાસ રાણેની ક્રાઈમ બ્રાંચ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે. તેની પાસેથી ચોંકાવનારી વિગત ખુલી શકે છે. તમામ માહિતી આપવાની વાત રામદાસ રાણેએ કરી છે. બાતમી મળ્યા બાદ પોલીસ કમિશનરના નેતૃત્વમાં અધિકારીઓએ વોચ ગોઠવી દીધી હતી. જુદા જુદા ખાનગી-સરકારી વાહનોમાં ટીમ તૈનાત થઈ ગઈ હતી. બસ રાજકોટ નવા ગામ નજીક પહોંચી ત્યારે એક પોલીસે વાને બસને ઓવરટેક કરીને રોકી હતી. વાહનો તરત જ ગોઠવાઈ ગયા હતા. જીજે-૩ બીવી-૪૪૦૦ નંબરની આ બસમાં બેઠેલા તમામ યાત્રીઓને ચકાસણી કરવામાં આવી હતી.

# પાલનપુરના માનસરોવરમાંથી યુવકનો મૃતદેહ મળી આવતા સમગ્ર શહેરમાં ચકચાર

## પોલીસે અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

બનાસકાંઠા ના પાલનપુર માં શહેર ની શાન સમાન માન સરોવર માં આજે વધુ એક યુવક નો મૃતદેહ મળી આવતા સમગ્ર શહેર માં ચકચાર સર્જાવા પામી હતી.જો કે હજ સુધી આ યુવક કોણ છે તે અંગો કોઈજ જાણકારી પ્રાપ્ત થઇ શકી નથી પરંતુ આ યુવકના મૃતદેહ ની હાલત જોતા અંદાજિત ૪ થી ૫ દિવસ થી માન સરોવર માં પડેલી હોય તે રીતે પૂર્ણ પહે કોહવાઈ ગયેલા મૃતદેહ ને પગલે આસપાસ લોકો ના ટોળા જામ્યા હતા તેમજ પોલીસ અને પાલિકા ના કર્મચારીઓ દ્વારા મૃતદેહ ને બહાર લાવી પાલનપુર સિવિલ ખાતે પીએમ માટે ખસેડાયો છે તેમજ પોલીસે પણ હાલ માં અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે .

# અનંત નેશનલ યુનિવર્સિટીની કામગીરીનો મંગલ પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૫

અનંત નેશનલ યુનનિવર્સિટી (એનએનયુ)એ તાજેતરમાં ઔપચારીક રીતે તેની કામગીરીનો પ્રારંભ કર્યો છે તેની નવી રચાયેલી ગવર્નિંગ બોડીની આજે સૌપ્રથમ બેઠક મળી હતી. જેમાં ચર્ચા - વિચારણાને અંતે ચાલુ વર્ષે તે આગવો પ્રોગ્રામ અનંત પેલોશિપ પ્રોગ્રામ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે એક વર્ષનો રેસિડેન્શિયલ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ છે. તેનો ઉદ્દેશ ટોચના વ્યાવસાયિકોનું સર્જન કરવાનો છે. આ અભ્યાસક્રમમાં એડમિશન લેતા તમામને સંપૂર્ણ સ્કોલરશિપ આપવામાં આવશે.

એએનયુની સ્થાપના ગુજરાત પ્રાયવેટ યુનિવર્સિટી એક્ટ હેઠળ એક ખાનગી યુનિવર્સિટી તરીકે કરવામાં આવી છે. તદ્દન નવી રચાયેલી ગવર્નિંગ બોડીમાં શિક્ષણવિદો તેમજ પ્રેક્ટિસનર્સનો સમાવેશ થાય છે. તેના પ્રમુખપદે શ્રી અજય પિરામલ છે. જેઓ પિરામલ એન્ટરપ્રાઈસના સ્થાપક છે, તેમજ અગ્રણી મેનેજમેન્ટ સ્કુલ જમનાદાસ બજાજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝના ચેરમેન પણ છે. જ્યારે શિક્ષણવિંદ શ્રી પ્રમાર્થ સિન્હા મહાન શિક્ષણવિંદ છે, તેમજ અગ્રણી મેનેજમેન્ટ સ્કુલ ઈન્ડિયન સ્કુલ ઓફ મેનેજમેન્ટના સ્થાપક છે.

અન્ય સભ્યોમાં પૂણેની ફલેમ યુનિવર્સિટીની સ્થાપક શ્રીમતી ઈન્દિરા પરીખ, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી અક્ષય અગ્રવાલ, આઈઆઈટી ગાંધીનગરના ડીરેક્ટર શ્રી સુધીર જૈન, સેપ્ટ યુનિવર્સિટીના ભૂતપૂર્વ ડીન શ્રીમતી ક્રિષ્ના શાસ્ત્રી, ઈન્ડિયન સિવીલાઈઝેશન પરના નિષ્ણાત અને આર્કિયોલોજિકલ સાયંસીઝ સેન્ટરના સ્થાપક શ્રી માઈકેલ ડેનિનો વગેરેનો સમાવેશ થાય છે.

જ્યારે પ્રેક્ટિશનર્સમાં લાર્સન એન્ડ ટુબ્રો જૂથના ચેરમેન શ્રી એ. એમ. નાયક, ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના શ્રી આદિલ ઝૈનુભાઈ, સરદાર સરોવર નિગમના ચેરમેન અને મેનેજિંગ ડીરેક્ટર શ્રી એસ. એસ. રાઠોર, લોઢા જૂથના ચેરમેન શ્રી અભિષેક લોઢા, ઝાયડસ કેડિલા જૂથના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી પંકજ પટેલ વગેરેનો સમાવેશ થાય છે.

# ધો. ૧૦ની બોર્ડની પરીક્ષાને પગલે વિદ્યાર્થીઓ માટે મોબાઈલ માર્ગદર્શન

અરવલ્લી, તા. ૨૫

આ વર્ષે લેવાનાર ધો. ૧૦ની બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને અરવલ્લી જિલ્લા ગણિત-વિજ્ઞાન મંડળના ઉપક્રમે મોબાઈલ માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. મંડળના પ્રમુખ ગિરીશભાઈ પટેલ (શ્રી જે.બી. શાહ ઈ.મી. સ્કૂલ)ના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોના મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે આપેલા નંબરો ઉપર ફોન કરીને અથવા વોટ્સએપનો ઉપયોગ કરીને ત્વરીત નિરાકરણ મેળવી શકશે.

**ગણિત માટે ૯૪૨૬૩-૦૬૫૬૨, ૯૮૨૫૩-૯૨૯૮૦**

**વિજ્ઞાન માટે - ૯૮૨૫૩-૫૭૪૮૫, ૯૪૨૮૭૭૩૧૯૧**

**અંગ્રેજી માધ્યમ માટે - ૯૯૨૫૮-૫૬૧૫૬**